૫૦ / ૩૭૫૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૪:૧૫] (રવિવાર, ૯ જુલાઈ, ૨૦૦૦) [કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### (વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'સાધુ તો અમારા બાપ છે.'
૨. 'આપણે ક્યાં માન મેળવવા માટે સત્સંગી થયા છીએ ?'
૩. 'આજે અમારે વરતાલ જવાની ઉતાવળ છે.'
૪. 'બીજાની આવી આકરી કસોટી કરશો નહીં.'

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. લક્ષ્મીચંદ શેઠ.
૨. રાજબાઈ.
૩. નિયમ.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે ના કારણ આપીને સમજાવો. (સાત-આઠ લીટીમાં)** ૪

૧. ગુંદાળી ગામના ડાયરામાં હાહાકાર થઈ ગયો.
૨. શ્રીજીમહારાજ સંત-હરિભક્ત સહિત સુંદરિયાણા પધાર્યા.
૩. ઘનશ્યામદાસ બોલી ઊઠ્યા : હવે તમે અક્ષર સાચા.
૪. કડવી બાઈને મારવા આવેલા બ્રાહ્મણો ભાગી ગયા.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૭

૧. અરદેશર કોટવાલને જાગતાની સાથે આશ્ચર્ય કેમ થયું ?
૨. સાચો મિત્રભાવ કયો કહેવાય ?
૩. સ્વરૂપાનંદ સ્વામીએ મંદવાડમાં શ્રીજીમહારાજને શું કહ્યું ?
૪. શ્રીજીમહારાજના ખરેખરા બે સત્સંગી કોણ હતા ?





૫. રામપ્રતાપભાઈ સાથે કઈ મૂર્તિ વાતો કરતી ?
૬. યોગીજી મહારાજે ક્યાં ક્યાં મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા કરી ?
૭. શિક્ષાપત્રી પ્રમાણે ધર્મ એટલે શું ?

**પ્ર.૫. નીચેની 'સ્વામીની વાત' પૂરી કરો અને તેનું નિરૂપણ લખો.** ૫

વિષયને માર્ગે.....

**અથવા વચનામૃતનું નિરૂપણ લખો.**

વચનામૃત : ગઢડા પ્રથમ - ૧૬ 'વિવેકનું'

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ ચાર કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડીઓ લખો.** ૮

૧. વાદી હરાવ્યા ...................................... સર્વોપરી મહારાજ.
૨. જો અંતકાળે ...................................... સદ્‌બુદ્ધિ જાગે.
૩. એવાં કરે રે. ...................................... સહજ સ્વભાવે.
૪. કરુણામયચારુ ...................................... ભજે સદા.
૫. કનક છડી ...................................... તાપ શમાવતા રે.

### (વિભાગ - ૨ પ્રાગજી ભક્ત)

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'નિશ્ચયમાં તો ભગતજી અડગ છે.'
૨. 'મને તો અંતરનું કેડિયું પણ સીવતાં આવડે છે.'
૩. 'તું જૂનેગઢ જજે, મેં તને જે કોલ આપ્યા છે, તે ત્યાં પૂરા થશે.'
૪. 'તેલ ચઢાવવાનું કોણે કહ્યું હતું ?'

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ એક વિષે કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૪

૧. મહારાજે પ્રાગજી ભક્તને કહ્યું, 'આજથી હવે હું તને પણ વશ છું.'
૨. ગિરધરભાઈને પ્રતીતિ થઈ કે પ્રાગજી ભક્ત પરમ એકાંતિક ભક્ત છે.
૩. ભગતજી મરેલા કૂતરાને ઠેકાણે નાખી આવ્યા.

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. અક્ષરપાત્રની વરણી.
૨. સાધુનો કસબ.
૩. પવિત્રાનંદ સ્વામીનું અપમાન અને થયેલ શાંતિ.

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **૭**

૧. પ્રાગજી ભક્તે કોના સમાગમથી જાણેલું કે ધન અને સ્ત્રીમાં સુખ નથી ?
૨. મુમુક્ષુને કોના જેવો ફડકો અને નિદ્રા હોવાં જોઈએ ?
૩. નાગરવાડા તરફના દરવાજે આવી ગુણાતીતાનંદ સ્વામી શું બોલ્યા ?
૪. પ્રાગજી ભક્તને કોણે ધોલ મારી ? શા માટે ?
૫. ભગતજીએ પોતાના હરિભક્તોના સુખ માટે કેટલી માળા ફેરવી ?
૬. બાલમુકુંદ સ્વામીએ પ્રાગજી ભગત અંગે ડૉ. ઉમિયાશંકરને શો અભિપ્રાય કહ્યો ?
૭. પ્રાગજી ભગત કોની પાસે વર્તમાન ધરાવી સત્સંગી બન્યા હતા ?

**પ્ર.૧૧. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં)** **૪**

૧. અક્ષરધામની કૂંચી.
૨. અમદાવાદમાં જ્ઞાનવાર્તા.
૩. પ્રાગજી ભક્તે કરેલી સેવા

**(વિભાગ - ૩ 'સત્સંગ પ્રવેશ' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૨. નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો.** **૧૫**

૧. પિબકનો પરાજય
**અથવા**
નીલકંઠે લોજમાં કરેલ બે સુધારા.
૨. અજાત શત્રુ - શાસ્ત્રીજી મહારાજ
**અથવા**
સમર્થ વક્તા.
૩. શુકાનંદ સ્વામીની સમજણ.
**અથવા**
સગરામ વાઘરી.

✿ ✿ ✿